1. 'ખંડપ્રવહન' સિદ્ધાંતને કઈ રમત દ્વારા સમજાવી શકાય ?

- ખંડેપ્રવહન' સિદ્ધાંતને 'જિગ-સો-ફિટ'ની રમત દ્વારા સમજાવી શકાય છે.

2. દ્વિતીય શ્રેણીનાં ભૂમિસ્વરૂપો કયાં કયાં છે?

- પર્વતો, ઉચ્ચ પ્રદેશો, મેદાનો, કાટખીણો વગેરે દ્વિતીય શ્રેણીનાં ભૂમિસ્વરૂપો છે.

3. કઈ વિચારધારાઓએ ખંડપ્રવહન' સિદ્ધાંતને અનુમોદન આપ્યું છે ?

- ધ્રુવોનું ભ્રમણ (બ્લેકેટ),સમુદ્રતળ પ્રસરણ (હેરી હસ) અને ચતુષ્ફલક (ગ્રીન અને ગ્રેગરી) વગેરે વિચારધારાઓએ ખંડ પ્રવહન સિદ્ધાંતને અનુમોદન આપ્યું છે.

4. મોટી ભૂ-તકતીખો કઈ કઈ છે?

- પેસિફિક, આફ્રિકા, યુરેશિયન વગેરે મોટી ભૂતકતીઓ છે.

5. હિમાલયને સ્થાને પહેલાં કયો સમુદ્ર હતો ?

- હિમાલયને સ્થાને પહેલાં ટેથીસ સમુદ્ર હતો.

6. કયો ગોળાર્ધને જળગોળાર્ધ કહેવામાં આવે છે?

- દક્ષિણ ગોળાધને જયા ગોળાર્ધ કહેવામાં આવે છે .

7. આદિ મહાખંડને જર્મન ભાષામાં શું કહેવામાં આવે છે ?

- આદિ મહાખંડને જર્મન ભાષામાં પેન્જિઆ કહેવામાં આવે છે.

8.ખંડપ્રવહન સિદ્ધાંતને કઈ રમત સાથે સરખાવવામાં આવે છે?

- ખંડપ્રવહનું સિદ્ધાંતને 'જિગ - સાં – ફિટ' રમત સાથે સરખાવવામાં આવે છે.

9. 'પેન્થાલસા' એટલે શું?

- વેગનરના ખંડપ્રવહન સિદ્ધાંત અનુસાર આદિ મહાખંડની આસપાસ એક વિશાળ છીછરો આદિ મહાસાગર વીંટળાયેલો હતો. જેને જર્મન ભાષામાં પેન્થાલસા કહે છે.

10. 'પેન્જિઆ' એટલે શું?

- વેગનરના વિચાર પ્રમાણે 20 કરોડ વર્ષ પહેલાં એક અને માત્ર એક જે આદિ મહાખંડ હતો, તેને જર્મન ભાષામાં પેન્જિઆ કહેવામાં આવે છે.

## 11. પ્રથમ શ્રેણીનાં ભૂમિસ્વરૂપોની ઉત્પત્તિ અંગે કયા વિદ્વાનોએ પોતાના વિચારો રજૂ કર્યા છે?

- સોલાસ, ગ્રીન, ગ્રેગરી, કેલવીન હેરી હેસ, વેગનર વગેરે વિદ્વાનોએ પ્રથમ શ્રેણીનાં ભૂમિસ્વરૂપોની ઉત્પત્તિ અંગે પોતાના વિચારો રજૂ કર્યા છે.

## 12. ભૂમિસ્વરૂપ એટલે શું?

- વિશિષ્ટ ભૂ-ભાગો તેમના આ કાર, ખડક - રચના, ઊંચાઈ સમતલ વિસ્તારનું પ્રમાણ, ઢોળાવ વગેરે લાક્ષણિકતાઓને કારણે એકબીજાથી જુદા પડે છે, તેથી તેઓને ભૂમિસ્વરૂપ કહે છે.

## 13.અપસારી ભૂ-તકતીઓ (Divergent Plates) કોને કહે છે?

- જો બે ભૂ-તકતી એકબીજા ની વિરુદ્ધ દિશા માં ખસતી હોય, તો તેમને અપસારી ભૂ- તકતીઓનો છે.